૨૭/૧૧

નકલ માટે અરજી કરનાર નું નામ ______ કીશનભાઈ બી જોષી

નકલ અરજી મળ્યા ની તારીખ ______ ૧૪/૧/૧૧

નકલ તૈયાર કર્યા તારીખ ______ ૪-૨-૧૧

નકલ પુરી પાડયા તારીખ ______ ૩-૨-૧૧

જેને નકલ આપવામાં આવી હોય તેનુ નામ ______ કીશનભાઈ બી જોષી

અધિક્ષક

૨૭૨

## સુધારેલ નવુ બંધારણ

## એચ. એચ. પી. ...ભાગવાન હોસ્ટેલ ફોર બોયઝ, સિધ્ધપુર

## સ્થાપના તારીખ : ૦૪.૦૯.૩૮

જાવક નં. ૨/૨

કેસ ... ૯૯ ૩

## બં ધા ર ણ

**ટ્રસ્ટના ઉદ્દેશો :-**

૧.. આ હોસ્ટેલમાં આપણી કોમના ગરીબ, મધ્યમ અને સારી સ્થિતિના બાળકોને નૈતીક, ધાર્મીક અને વ્યવહારીક શિક્ષણ આપી સારા શહેરીઓ બનાવવાનો છે.

૨.. હોસ્ટેલના નિભાવ માટે સંસ્થાના ફાઉન્ડર રૂ.૫૦૦૧-૦૦, પાલક એક બોર્ડરના રૂ.૧૦૦૧-૦૦, પેટ્રન રૂ.૫૦૧-૦૦, ડોનર રૂ.૨૫૧-૦૦, મેમ્બર બનાવવા.

૩.. ફાઉન્ડર, પાલક અને પેટ્રનોના ફોટાઓ કાયમી યાદગીરી જાળવવા માટે સંસ્થામાં રાખવામાં આવશે.

૪.. સંસ્થાના ઉદ્દેશોને પાર પાડવા માટે નાણાં એકઠા કરવા મેનેજીંગ કમીટી માસીક પેટીફંડ, ગ્રાન્ટ, પરદેશોમાં પ્રવાસો કરી ડોનેશનો એકઠા કરવા માટેની યોજનાઓ વીચારી અમલમાં મુકશે. અને ફંડફાળો એકઠો કરવા સબ-કમીટી નીમી શકશે.

૫.. સંસ્થા વતી એકઠા કરવામાં આવેલા સઘળા નાણાંનો આવક જાવકનો હિસાબ રસીદો, બીલો, વાઉચરો વગેરે ઓનરરી સેક્રેટરી સંભાળશે અને વખતોવખત મેનેજીંગ કમીટીના મીટીંગોમાં રજૂ કરશે.

૬.. સંસ્થાનું હિસાબી વર્ષ ડીસેમ્બરની આખરે પુરૂ થયેલુ ગણાશે, ડીસેમ્બરની આખરે તારીખ પછીની મેનેજીંગ કમીટીની પહેલી મીટીંગમાં ઓન.સેક્રેટરી પુરા થયેલ વર્ષના હિસાબ કિતાબનો વિગતવાર અહેવાલ રજૂ કરશે.

૭.. સંસ્થાના દરેક પ્રકારના ફંડના નાણાં તેમજ સ્થાવર અને જંગમ મિલ્કતો ની વ્યવસ્થા અને વહીવટની જવાબદારી ઓફીસ બેરરોની રહેશે.

મદદનીશ ચેરીટી કમિશ્નર, પાટણ પ્રદેશ, પાટણ

૮.. સંસ્થાના નાણાં કોઇ સારી બેન્કમાં સંસ્થાના નામે જમા રાખવા
આવશે અને તેની લેવડદેવડ ઓફીસ બેરરો અથવા મેનેજીંગ કમીટી જે
નિમણુંક કરશે તે પૈકીના ગમે તે બેની સહીથી લેવડદેવડ કરી શકાશે.

૯.. સંસ્થા વતી દરેક કોન્ટ્રાકટોઅને મીલકતોની વ્યવસ્થા અને લેવડદેવડ
મેનેજીંગ કમીટી મંજૂર કરે તે રીતે હોદ્દેદારોની સહીથી કરવામાં
આવશે.

૧૦.. સંસ્થાની ફાજલ રકમ બેન્કમાં અલગ અલગ યોજનાઓ મુજબ અનામત
મુકવા મેનેજીંગ કમીટી વધુ મતે ઠરાવ પસાર કરી યોગ્ય વ્યવસ્થા
કરશે..

૧૧.. મેનેજીંગ કમીટીમાં શીઆ ઇમામી ઇસ્માઇલીયા કોમમાંના કોઇપણ
શહેર કે ગામનો મેમ્બર થઇ શકશે. પણ તે આ સંસ્થાનો ડોનર હોવો
જરૂરી છે અને તે જનરલ કમીટીમાંથી આવી શકશે.

૧૨.. દર વર્ષે પુરા થતા વર્ષનો સંસ્થાનો દરેક જાતનો હીસાબી વહીવટ
આવક જાવક નાણાકીય વ્યવસ્થા, રસીદો, વાઉચરો, વગેરે ઓડીટ
કરાવી ઓન. સેક્રેટરી મેનેજીંગ કમીટીમાં રજુ કરશે.

૧૩.. સંજોગોવસાત સંસ્થાનો વહીવટ બંધ કરવો પડે તો સંસ્થાનું દેવું અને
જવાબદારીઓ ચુકવ્યા પછી જે કંઇ મીલ્કત બાકી રહેશે તેની સંપૂર્ણ
માલીકી મોલાના હાઝર ઇમામ હીઝ રોયલ હાઇનેસના આગાખાન
સાહેબની રહેશે.

૧૪.. સંસ્થાના હેતુઓ અને ઉદ્દેશો પાર પાડવાની, કારોબાર સંભાળવાની
સંસ્થાની મીલ્કતોની વ્યવસ્થા જાળવવાની અને તેનો વહીવટ
કરવાની સંસ્થાના ઓનરરી અને પગાર નોકરોની નીમણુંક કરવાની
અથવા તેઓને છુટા કરવાની સંપૂર્ણ સત્તા ઓફીસ બેરરોની રહેશે.

૧૫.. મેનેજીંગ કમીટીના સભ્યોની સંખ્યા ૨૫ (પચ્ચીસ)ની રહેશે. જેમાંના
૨૦ (વીસ) સભ્યોની ચુંટણી સંસ્થાના પેટ્રનો, ડોનરો, ફાઉન્ડર,
અને પાલક મેમ્બરોમાંથી રહેશે અને વધુ મેમ્બરોની જરૂર જણાશે તો
પાંચ કો-ઓપ્ટ કરી શકશે.

૧૪૫



૧૬.. જનરલ તથા મેનેજીંગ કમીટીના સભ્યોની ચૂંટણી દર પાંચ વર્ષે કરવામાં આવશે.

૧૭.. મેનેજીંગ કમીટી પોતાના સભ્યોમાંથી ઓફીસ બેરરોની નિમણૂંક કરી શકશે..અને તે આ સંસ્થાના ટ્રસ્ટીઓ કહેવાશે.

૧૮.. કોઇપણ સંજોગોમાં આ બંધારણમાં ફેરફાર કરવા જરૂરી જણાય તો તે ફેરફાર કરવાની સત્તા વર્કીંગ કમીટીની રહેશે.

૧૮.(૧).. કેળવણીના વિકાસ માટે યોગ્ય લાગે તેવી સંસ્થાઓ જેવી કે બાલમંદિરો, સ્કુલો, કોલેજો, સ્થાપવી અને ચલાવવી તે માટે નાણાંકીય જોગવાઇ અને વહીવટ કરવા માટે આગાખાન ફાઉન્ડેશન અથવા આગાખાન એજ્યુકેશન સર્વીસ ઇન્ડીયા સાથે યોજનાઓ અમલમાં મુકવી અને બોર્ડીંગ કારોબારીના સભ્યોને યોગ્ય લાગે તો આવી સંસ્થાઓનું હસ્તાંતર પણ કરવું.

સ્થળ : મુ.સી ધ્ધપુર.
જી-મહેસાણા. (ઉ.ગુ.)

તારીખ : ૦૬.૦૨.૧૯૬૨

Afmomin
ઓનરરી સેક્રેટરી,
એચ.આર.એચ.ધી આગાખાન-
હોસ્ટેલ ફોર બોયઝ,સી ધ્ધપુર.

નકલ કરનાર :- Xerox
મુકાબલા કરનાર :- [signature]
શબ્દો :- —

આથી પ્રમાણિત કરવામાં આવે છે.કે
આ પ્રમાણિત નકલ છે.
અધિક્ષક
જાહેર ટ્રસ્ટો ની નોંધણી કચેરી
પાટણ પ્રદેશ,પાટણ

Copying fees : Xerox
Comparing fees : 3L
Paper charges : 3L
Postage charges : —

Total :- 5L